જાવક નંબર:નિઅનેઅસ/અપણ/૦૨/૧૩૮૯/૧૪.
મુખ્ય કારોબારી અધિકારી, નિરીક્ષણ અને
અન્વેષણ સમિતિ,કૃષિભવન,વિંગ-બી,ચોથે માળ,
સહકાર ખાતુ,ગુજરાત રાજય,પાલડી,
અમદાવાદ-૦૭, ફો.નં.૦૭૯૨૬૫૭૭૩૯૧.
ઈમેલ--exoff-agri-ahd@gujarat.gov.in
તા.૨૦/૧૧/૧૪.

વંચાણે લીધા:--

(૧) વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,સચિવાલય,૧૫મી એપ્રિલ,૨૦૧૩.થી સુધારેલ સહકારી કાયદાની કલમ--૮૪નું ગેઝેટ.

(૨) સહકાર કમિશનર અને રજિસ્ટ્રારશ્રી સ.મં.ગુ.રા.ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક: અપણ / ૨૨ / ૪--૨/૧/૨૦૧૪.તા.૬/૧/૨૦૧૪.

(૩) સહકાર કમિશનર અને રજિસ્ટ્રારશ્રી સ.મં.ગુ.રા.ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક: અપણ / ૪૭ / ૪--૨/૧૦૨/૨૦૧૩.તા.૯/૦૫/૨૦૧૪.

(૪) અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક:નિઅનેઅસ/અપણ--૨/૧૧૮૭/૦૭.તા.૪/૭/૨૦૦૭.

પરિપત્ર:--

રાજયની પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અને જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘોની સતત અને સમવાય ધોરણે ઓડીટની કામગીરી નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ,ગુજરાત રાજય,અમદાવાદ અને તેના નિયંત્રણ હેઠળના જિલ્લા કચેરીના મહેકમ મારફતે કરવામાં આવે છે.પરંતુ વંચાણે લીધા ક્રમાંક (૧)ના ગેઝેટથી ગુજરાત રાજય સહકારી મંડળીઓની કલમ--૮૪માં સુધારો થતાં, ઓડીટ કોની પાસે કરાવવા તે અંગેના અધિકારો મંડળીઓને સુપ્રત થતાં મંડળીનું નાણાંકીય વર્ષ પૂરું થતાં છમાસની અંદર એટલે કે (તા.૩૦/૯) સુધીમાં ઓડીટ કરાવી લેવું જોઈએ, જે અંગે વંચાણે લીધેલ ક્રમાંક (૨) મુજબ પરિપત્ર કરવામાં આવેલ છે.જેમાં (૪/૧)મુજબ નીચે જણાવેલ અન્વેષણ વ્યવસ્થા ચાલુ રાખવામાં આવેલી છે.તેમજ(૪/૨) મુજબ મંડળીઓના ઓડીટના ફાળવણી માટે તારીજના ધોરણોનો અન્વેષણ ક્ષમતાના ધોરણોમાં સુધારો કરવામાં આવેલ છે.પરંતુ દૂધ મંડળીઓના કિસ્સામાં ઉપરાના ધોરણો ધ્યાને લેવા સુચના છે.

| ક્ર.નં | અન્વેષણનો પ્રકાર | યુનિટ (વાર્ષિક) | દિવસો | નવા સુધારેલ ધોરણો ઉથલો |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ખાસ અન્વેષક(વર્ગ--૧/૨) | ૬૦ | ૨૨૦ | રૂા.૪૦૦ લાખ અને તેથી ઉપર |
| ૨ | ઓડીટર ગ્રેડ--૧ | ૮૦ | ૨૨૦ | રૂા.૨૫૦ લાખથી ૪૦૦ લાખ સુધી |
| ૩ | ઓડીટર ગ્રેડ--૨ | ૮૫ | ૨૨૦ | રૂા.૧૦૦ લાખથી ૨૫૦ લાખ સુધી |
| ૪ | સબ ઓડીટર | ૧૦૦ | ૨૨૦ | રૂા.૧૦૦ લાખ સુધી |

ઉપરોક્ત વંચાણે લીધેલ પરિપત્ર તથા અત્રેની કચેરીના તા.૨૭/૦૮/૨૦૧૩ના જાહેરનામાં ક્રમાંક:નિઅને અસ/અપણ--૦૨/૧૩૩૦/૧૩ થી શરતો તથા જરૂરી સુચનાઓ આપવામાં આવેલ છે,છતાં અમુક કિસ્સામાં અત્રેની કચેરીનું માર્ગદર્શન માંગવામાં આવે છે,જે વ્યાજબી નથી.જેથી નીચેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવા તમામ સ્પે.ઓડીટર(મિલ્ક)ઓડીટ ઓફીસને જાણ કરવામાં આવે છે.

(૧) જે પ્રાથમિક દૂધ મંડળીના ઓડીટ અંગેના તા.૩૦/૯ સુધીમાં ઠરાવો મળેલ ન હોય તેવી મંડળીઓના ઓડીટ [illegible]કરવાના રહેશે.

(૨) જે પ્રાથમિક દૂધ મંડળીના ઓડીટ અંગેના તા.૩૦/૯ સુધીમાં ઠરાવો મળેલ હોય તેવી મંડળીઓની અન્વેષણ

મિલ્ક ઓડીટ

નોંધો નિયમ મુજબ તા.૧૫/૧૦ સુધીમાં મેળવી લેવાના રહેશે, પરંતુ કોઈ કિસ્સામાં અન્વેષણ નોંધો ન મળે તેવા કિસ્સામાં સ્વવિવેકાનુસાર નિર્ણય લઈ મેળવી લેવાની રહેશે.

(૩) જે પ્રાથમિક દૂધ મંડળીના ઓડીટ અંગેના તા.૩૦/૯ સુધીમાં ઠરાવો મળેલ ન હોય તેવી મંડળીઓના ઓડીટ ફી માટે સહકારખાતાના તા. ૧૯/૬/૧૯૯૯નું જાહેરનામામાં જણાવેલ દર મુજબ લેવાની રહેશે.

(૪) જે પ્રાથમિક દૂધ ઉ.સ.મંડળીઓ સરકારી મહેકમ દ્વારા ઓડીટ કરાવવા માંગતી હોય તેવા કિસ્સામાં ત્રિમાસિક, છમાસિક અને વાર્ષિક ધોરણે નિયમોનુસાર કરવાનું રહેશે.

(૬) લક્ષ્યાંક મુજબની કામગીરી કરવા સારૂં પ્રથમ એરીયર્સ મંડળીઓના ઓડીટ હાથ ધરી પૂર્ણ કરવાના રહેશે. ત્યારબાદ તા.૩૦/૯ સુધી જે પ્રાથમિક દૂધ મંડળીઓના ઠરાવો આવ્યાં નથી, તેવી મંડળીઓને સુધારેલ સહકારી કાયદાની કલમ-૮૪(૧) મુજબ સરકારી ઓડીટ લાગુ પડે છે, તેવી મંડળીઓને સુધારેલ લક્ષ્યાંકમા દર્શાવવાના રહેશે.

વધુમાં જણાવવાનું કે, આ સાથે સામેલ પત્રકની માહિતી દર માસે માસિક પત્રકો સાથે અવશ્ય મોકલવાની રહેશે.

(એમ.ડી.ચૌહાણ)
મુખ્ય કાર્યપાલક અધિકારી
નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ
સહકારીખાતુ, ગુ.રા, અમદાવાદ.

પ્રતિ,
(૧) સ્પે.ઓડીટર(મિલ્ક),
મિલ્ક ઓડીટ ઓફીસ, તમામ. ૩/૧૦/૨૦૦૧
(૨) સહકાર કમિશ્નર અને રજિસ્ટ્રારશ્રી,
સહકારી મંડળીઓ, ગુજરાત રાજય,
ગાંધીનગર(સચિવાલય).